આંક–

| | |
|---|---|
| રજુ તા. | ૨૧/૦૮/૨૦૦૯ |
| દાખલ તા. | ૨૧/૦૮/૨૦૦૯ |
| ફેસલ તા. | ૨૩/૦૬/૨0૨૩ |
| સમયગાળો | વર્ષ:૧૩ માસ:૧૦ દિવસ:૦૧ |

**મહેરબાન મજુર અદાલત, સુરતના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી જી.જે.થોરીયા સમક્ષ**

**રેફરન્સ(LCS) નંબર : ૬૮૪/૨૦૦૯**

**<u>પ્રથમ પક્ષકાર</u>** :(૧)બોરસરા મશીન્સ,(ડીવીઝન ઓફ હીમસન ટેક્ષટાઈલ્સ એન્જી.ઈન્ડ.લી.)

મો.મોટા બોરસરા ,કીમ રેલ્વે સ્ટેશન, તા.માંગરોલ, જી.સુરત

(૨) શ્રીરામ પેઈન્ટ વર્કસ

મોટા બોરસરા, કીમ રેલ્વે સ્ટેશન, તા.માંગરોલ, જી.સુરત

**વિરુધ્ધ**

**<u>બીજા પક્ષકાર</u> :** ગુજરનાર શ્રી હરીવદન ભગવાનદાસ પંચાલ

(મરણ થયેલ હોવાની વારસામાં તેમના વારસોને આંક– ૨૯ થી જોડેલ)

(૧) પ્રતિમાબેન હરીવદનભાઈ પંચાલ–પત્ની

(૨) સીમાબેન હરીવદનભાઈ પંચાલ–પુત્રી

ઠે.એ–૬/૨૬, કૈલાશનગર સોસાયટી, સગરામપુરા, પુતળી, સુરત.

**<u>હાજર રહયા :</u>** પ્રથમ પક્ષકારો તરફે વિધ્વાન વકીલશ્રી જયેશ બી.બરવાળીયા

બીજા પક્ષકાર તરફે આર.સી.પટેલ

**<u>–:: એવોર્ડ::–</u>**

1) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર અને અનુક્રમે ''**સામાવાળા**'' અને '' **અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

2) આ કામના ગુજરનાર બીજા પક્ષકારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, સુરત સમક્ષ તે અંગેનો ઔધોગિક વિવાદ ઉત્પન્ન કરેલ પરંતુ ત્યાં આગળ સદરહુ વિવાદનું સમાધાન નહીં થતા ઔધોગિક વિવાદ ધારો – ૧૯૪૭ની કલમ–૧૦(૧)મુજબ મદદનીશ શ્રમ આયુકતની કચેરી,સુરતે તેઓના પત્ર ક્રમાંક નંબર : **૧૩૨૧૨/૨૦૦૯ તારીખ : ૧૧–૦૮–૨૦૦૯** દ્વારા અત્રેની કોર્ટ અને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા સારુ સુપ્રત કરેલ છે. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**'' શ્રી હરીવદન ભગવાનદાસ પંચાલને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?''**

3) આ કામમાં અરજદાર તરફથી **આંક–૪** થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેમાં તેઓ જણાવે છે કે , અરજદારના પતિ પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં ૫ વર્ષથી ફોરમેન તરીકે અને માસિક રૂા.૫,૫૦૦/– ના પગારથી કાયમી કામદાર તરીકે નોકરીની ફરજો બજાવતા હતા અને તેઓ નોકરીમાં દાખલ થયા ત્યારથી જ તેમની નોકરીની ફરજો સંપુર્ણપણે ખંતથી, વફાદારીથી અને કાર્યક્ષમતાથી બજાવતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થા બોરસરા મશીનરી એ એન્જીનીયરીંગ ઉદ્યોગમાં આવેલી છે અને જુદી જુદી ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝને લગતા મીનો બનાવવાની અને મશીનરી સપ્લાય કરવાની કામગીરીમાં રોકાયેલી સંસ્થા છે અને પ્રથમ પક્ષકારની ૮ થી ૧૦ જેટલી સીસ્ટર કન્સર્ન છે જે તમામ સંસ્થાઓમાં ટેક્ષટાઈલ મશીનોના જુદા જુદા પાર્ટસ બનાવવામાં આવે છે અને આ તમામ સંસ્થાઓમાં બનતા મશીનો બોરસરા મશીન્સ (ડીવીઝન ઓફ હીમસન એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ લી.) ના નામે વેચવામા આવે છે. કામદારોને સંસ્થાઓની સગવડ અને જરૂરીયાત મુજબ એકમાથી બીજી સંસ્થામાં કામ માટે હેરફેર કરવામાં આવતા હતા.

(3.1) વધુમાં અરજદારના પતિ નોકરીમાં દાખલ થયા ત્યારથી તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થામાંથી હાજરી કાર્ડ, પગાર સ્લીપ, રજાના કાર્ડ કે ઓળખપત્ર જેવા કોઈ પુરાવા આપવામાં આવતા ન હતા. તેથી સંસ્થામાં કામ કરતા કામદારો એકમત, એકજુથ અને એકસંપ કરીને પગાર વધારા અને નોકરીની શરતો માટે યુનિયન ગુજરાત

રાજય કામદાર સેનામાં સભાસદ થયેલ હતા. પ્રથમ પક્ષકાર સંસ્થા તે બોરસરા મશીન્સ અને તેની સાથેના અન્ય યુનિટોમાં કુલ્લે મળીને આશરે ૪૦૦ થી ૫૦૦ જેટલા કર્મચારીઓ નોકરીની ફરજો બજાવે છે અને આ તમામ કર્મચારીઓએ બોરસરા મશીન્સની અન્ડરમાં અને તે સંસ્થાના સંચાલકોની સુચના મુજબ અને દેખરેખ હેઠળ કામ કરતા હોવા છતા માત્ર કાયદાની જોગવાઈઓનો દુરપયોગ કરવાના બદઆશય અને બદઈરાદા થી આ કહેવાતી છટણી સંસ્થાના સંચાલકો ધ્વારા ઉભી કરવામાં આવેલી. આ તમામ સંસ્થા એક જ માલિકની અને એક જ કુટુંબના સભ્યોની છે.

(3.2) વધુમાં અરજદારના પતિ પ્રથમ પક્ષકાર સંસ્થાઓ ધ્વારા તા.૨૮/૦૭/૨૦૦૬ ના રોજથી કહેવાતી છટણીના નામે છુટા કરવામાં આવ્યા હતા તે પહેલા નામદાર ગુજરાત સરકારની કે ઓથોરીટીની પરવાનગી લેવામાં આવેલ ન હતી. અરજદારના પતિને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેઓએ નોકરી મેળવવા માટે બીજી ઘણી જગ્યાએ પ્રયત્ન કરવા છતાં નોકરી મળી શકેલ ન હતી અને તેઓનું અવસાન થયુ ત્યાસુધી બેકાર જ હતા. અરજદારના પતિએ નોકરીમાં દાખલ થયા ત્યારથી દરેક વરસમાં ૨૪૦ દિવસો ઉપરાંતની કામગીરી કરેલી હતી અને છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં પણ ૨૪૦ દિવસો ઉપરાંતની કામગીરી કરેલી હતી. આમ અરજદારને તા.૨૮/૭/૦૬ ના રોજ છુટા કરવાનું કુત્ય ગેરકાયદેસર, અન્યાયી, કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ તેથી અરજદારને અવસાન થયુ ત્યા સુધીના પડેલા દિવસોના પુરા પગાર, સળંગ નોકરી સાથે અને તમામ લાભો સહિત અને ખર્ચ સહિત પુન:સ્થાપિત કરવાની દાદ માંગેલ છે.

4) સામાવાળા નં.૧ સંસ્થાએ **આંક–૧૧** ના ઓએ પોતાનો જવાબ રજૂ કર્યો છે.

(4.1) જેમાં તેઓએ અરજદાના માંગણાના નિવેદનની હકીકતોનો સર્વથા ઈન્કાર કરેલો છે, આવો માંગણાનું નિવેદન કરવાનો હક કે અધિકાર નથી, સદર રેફરન્સ કરતા અગાઉ જે કાયદા પ્રમાણે વિધી થવી જોઈએ તે થઈ નથી અને રેફરન્સ કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી તેથી કોર્ટને કેસ ચલાવવાની, સાંભળવાની કે તેનો નિર્ણય કરવાની સત્તા, હકુમત કે જયુરીશડીકશન નથી, માંગણાનું નિવેદન કાયદા

પ્રમાણે ટકી શકતુ નથી, માલિક–કામદારનો સંબંધ અસ્તિત્વમાં નહતો તેમજ કેસ કોઝ ઓફ એકશન વિના કરેલ છે અને તે રદ થવા પાત્ર છે.

(4.2) વધુમા પ્રથમ પક્ષકાર નં.૧ જણાવે છે કે, અરજદારે તેઓની સંસ્થામાં કયારેય પણ કામદાર તરીકે કામ કરેલ નથી તેથી પ્રથમ પક્ષકાર નં.૧ અને બીજા પક્ષકાર વચ્ચે કયારેય પણ કામદાર–માલિકના સંબંધ અસ્તિત્વમાં ન હતા. પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા કામદારો એકમતે,એમજુથ અને એકસંપ કરીને યુનિયન ગુજરાત રાજય કામદાર સેનામાં તેમના પગાર વધારા અને નોકરીની સારી શરતો માટે કહેવાતો રેફરન્સ (આઈ.ટી.) નં.૧૦/૦૫ નામદાર ઔધોગિક ન્યાયપંચ, સુરત સમક્ષ ઉપસ્થિત કરાવેલ હોવા બાબત તકરાર નથી પરંતુ જે ઔધોગિક વિવાદ હાલમાં નામદાર ઔધોગિક ન્યાયપંચ, સુરત સમક્ષ ન્યાય નિર્ણય અર્થે પડતર હોવાની હકિકત ખોટી છે અને કબુલ નથી. ખોટી ખોટી હકિકતો ઉપજાવી કાઢી કહેવાતો રેફરન્સ (આઈ.ટી.) નં.૧૦/૦૫ કરવામાં આવેલ જે રેફરન્સ કેસ નામદાર ઔધોગિક ન્યાયપંચે રદ કરેલ.

(4.3) વધુમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે કયારેય પણ કામદાર–માલિકનો સંબંધ અસ્તિત્વમાં ન હતો અને પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા અને બીજા પક્ષકાર વચ્ચે કોઈ ઔધોગિક તકરાર નથી. આથી બીજા પક્ષકાર ધ્વારા ઉપસ્થિત કરવામા આવેલા વિવાદોને ઈનફકચ્યુઅસ બનાવવાના બદઆશ્ય અને બદઈરાદાથી આઈ.ડી. એકટની કલમ –૨૫(એફ) (જી) અને (એચ) નો ખુલ્લેઆમ છડચોક ભંગ કરવાનો કે સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તદ્દન ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છટણીના નામે તા.૨૮/૦૭/૨૦૦૬ ના રોજથી નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ હોવાનો કે પ્રથમ પક્ષકાર સંસ્થાનું તેવું કુત્ય હોવાનું કે તેવું કેત્ય અયોગ્ય , અન્યાયી અને ગેરકાયદેસરનું, મનસ્વી, જુલ્મી, બદઈરાદાવાળુ, અનફેર લેબર પ્રેકટીસનું અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનું હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આમ, રેફરન્સ રદ કરવા વિનંતી કરેલ છે.

5) સામાવાળા નં.૨ તરફે જવાબ રજુ થયેલ નથી.

6) આ કામે બીજા પક્ષકાર તરફથી મૌખિક પુરાવો નીચે મુજબના રજૂ થયેલ છે.

**::– મૌખિક પુરાવો –::**

| અનુ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકાર શ્રી હરીવદન ભગવાનદાસ પંચાલની એફીડેવીટ પરની જુબાની | ૨૪ |

**::– દસ્તાવેજી પુરાવો –::**

| અનુ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૧ ને મોકલેલ માંગણાના નિવેદન જે પથમ પક્ષકાર નં.૧ નાએ ન સ્વીકારતા પરત આવેલ કવર | ૫/૧ |
| ૨ | બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૨ ને મોકલેલ માંગણાના નિવેદન જે પથમ પક્ષકાર નં.૨ નાએ ન સ્વીકારતા પરત આવેલ કવર | ૫/૨ |
| ૩ | મર્હુમનું મરણ પત્રની ઝેરોક્ષ નકલ | ૩૦/૧ |
| ૪ | મર્હુમના ઈલેકશન/આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | ૩૦/૨ |
| ૫ | મર્હુમના ઈલેકશન/આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | ૩૦/૩ |
| ૬ | મર્હુમનું પેઢીનામાની ઝેરોક્ષ નકલ | ૩૦/૪ |

બીજા પક્ષકાર તરફે વધુ કોઈ પુરાવા રજુ કરવા માંગતા નથી તેવી આંક–૨૫ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

7) આ કામે પ્રથમ પક્ષકારો તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**::– મૌખિક પુરાવો –::**

| અનુ નં. | વિગત | નિશાની/ આંક |
|---|---|---|
| ૧ | પ્રથમ પક્ષકાર તરફે નરેન્દ્રસિંહ મોહનસિંહ ઠાકોરની સોગંદ પરની જુબાની | આંક–૨૬ |

**– : : દસ્તાવેજી પુરાવા : : –**

| આંક/ નિશાની | વિગત |
|---|---|
| ૨૭/૧ | પ્રથમ પક્ષકારે કાયમી ધોરણે સંસ્થા બંધ કરવા અંગે ફેકટરી ઈન્સ્પેકટર કચેરીને જાણ કરેલ તેની એટેસ્ટેડ કોપી તા.૨૭/૧૧/૧ |

| | |
|---|---|
| | ૮ |
| ૨૭/૨ | પ્રથમ પક્ષકાર સંસ્થાનુ ફેકટરી એકટ હેઠળ ભરેલ ફોર્મની એટેસ્ટેડ કોપી |
| ૨૭/૩ | પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ ફેકટરી એકટ હેઠળ ભરેલ ફોર્મની ૧૧ ૩ ની એટેબીજા પક્ષકાર તરફે લેખિત દલીલ આંક-૩૦ થી રજુ કરવામાં આવેલ છે અને સાઈટેશન લીસ્ટ આંક-૩૧ થી રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે દલીલ પણ કરવામાં આવેલ નથી. તેથી રોજકામમાં તબકકાવાર હકક બંધ થયેલ છે.સ્ટેડ કોપી |
| ૨૭/૪ | પ્રથમ પક્ષકારે કાયમી ધોરણે સંસ્થા બંધ કર્યા અંગેનો DCC ને લખેલ પત્રની એટેસ્ટેક કોપી |
| ૨૭/૫ | પ્રથમ પક્ષકારે કાયમી ધોરણે સંસ્થા બંધ કર્યા અંગેનો PPFC લખેલ પત્રની એટેસ્ટેક કોપી |

પ્રથમ પક્ષકાર નં.૧ તરફે વઘુ કોઈ પુરાવા રજુ કરવા માંગતા નથી તેવી આંક-૨૮ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલી છે. પ્રથમ પક્ષકાર તરફે નં.૨ તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી.

8) બીજા પક્ષકાર તરફે લેખિત દલીલ આંક-૩૩ થી રજુ કરવામાં આવેલ છે અને સાઈટેશન નોટ આંક-૩૪ થી રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે દલીલ પણ કરવામાં આવેલ નથી. તેથી રોજકામમાં તબકકાવાર હકક બંધ થયેલ છે.

9) ઉપરોકત ઔધોગિક વિવાદના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ પડેલ પુરાવા અને પક્ષનિવેદન વંચાણે લેતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**- :: મુ દદા ઓ::-**

૧) શું આ કામના અરજદારને સામાવાળાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે?

૨) શું આ કામના અરજદાર પડેલ દિવસોના પગર સહિત નોકરીમાં પુન: સ્થાપિત થવાની દાદ કે અન્ય બીજી કોઈ દાદ મેળવવા મતદાન થાય છે?

૩) શું હુકમ?

**-::નિ ષ્ક ર્ષ::-**

1) નકારમાં

2) નકારમાં

3) આખરી હુકમ મુજબ

**–::પરામર્શ::–**

**<u>મુદદા નંબર ૧ અને ૨ :–</u>**

10) પ્રસ્તુત કેસમાં મુદા નં.૧ અને ૨ ની હકિકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોય બિનજરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

11) આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબિત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાની અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનુ પુરવા કરવાનું રહે.

(11.1) આ તબકકે ઔ.વિ ધારા કલમ ૨(એસ) કે જેમા કામદારની વ્યાખ્યા આપવામાં આવેલી છે તે લક્ષમાં લેવી જરૂરી છે. વધુમાં આ અંગેના નામદાર સુપ્રીમ કોર્ટના તથા નામના ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો પણ ધ્યાને લેવો જરૂરી છે.**<u>નામદાર સુપ્રિમ કોર્ટના સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ પંચાયત વિ. ડાયાભાઈ અમરશી, એ.આઈ. આર. ૨૦૦૬, સુ.કો. પાના નં.૧૧૦</u>** માં ઠરાવ્યા પ્રમાણે કામદાર હોવાની હકિકત અને સળંગ ૨૪૦ દિવસ છેલ્લા એક વર્ષના સમય ગાળામાં નોકરી કરેલાની હકીકત પુરવાર કરવાનો બોજો અરજદાર ઉપર રહેલ છે. **<u>નામ.ગુજરાત હાઈકોર્ટના ૨૦૧૩ (૧) જી. એલ.આર. પાના નં. ૮૪૫, બીલીમોરા નગરપાલિકા વિ. જશુબેન જશવંતભાઈ સોલંકી</u>**ના ચુકાદામાં અન્ય ચુકાદાઓનો આધાર લઈ સળંગ નોકરીની હકીકત પુરવાર કરવાના બોજા અંગે વિસ્તૃત રીતે ચર્ચા કરવામાં આવેલ છે. કામદાર ધ્વારા પોતે સળંગ નોકરી કરેલ છે તેવુ પુરવાર કરવામાં આવે ત્યારપછી તેનાથી વિરુધ્ધની હકીકત પુરવાર કરવાની જવાબદારી માલીક ઉપર તબદીલ થાય છે તેવુ આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે. વળી, નામદાર **<u>સુપ્રીમકોર્ટે રેંજ ફોરેસ્ટ ઓફિસર વિરુધ્ધ એસ ટી હદીમની ૨૦૦૨(૩) એસ.સી.સી.૨૫</u>** ના ચુકાદામાં પણ જણાવેલ છે કે કામદારે મૌખિક પુરાવાની ઉપરાંત પણ અન્ય પુરાવા થી સાબિત કરવું પડે કે તેઓએ સામાવાળાને ત્યાં ૨૪૦ દિવસ કે તેથી વધું સળંગ અને સતત નોકરી કરેલી. જયારે કામદાર પગાર સ્લીપ, હાજરી કાર્ડ, નિમણૂક પત્ર અથવા તો કોઈ પણ

અન્ય દસ્તાવેજો કે જેનાથી સ્થાપિત થતું હોય કે અરજદાર સામાવાળાને ત્યાં નોકરી કરતા હતા તેવા દસ્તાવેજો રજુ કરવા જોઈએ અથવા તો તેની સાથે નોકરી કરતા સહકર્મચારી પણ તપાસવા જોઈએ. **નામદાર સુપ્રીમ કોર્ટે રાજસ્થાન સ્ટેટ ગંગાધર સુગર મિલ વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન** ના ચુકાદામાં ઠરાવેલ છે કે જયારે કામદાર ઘણા લાંબા સમયથી નોકરી કરતા હોવાનો દાવો કરતા હોય ત્યારે તેની પાસે કોઈ પણ પ્રકારના દસ્તાવેજો ન હોવાથી માની શકાય નહીં.

(11.2) ઉપરોકત કાયદાકીય સિધ્ધાત ના પરીપ્રેક્ષ્ય માં પ્રસ્તૃત કેસમાં અરજદારનું આ મુદ્દા ઉપર મુળ અરજીમાં તથા પુરાવામાં એવું કથન છે કે તેઓ સામાવાળી સંસ્થામાં છેલ્લા ૫ વર્ષથી ફોરમેનના હોદ્દા પર માસિક રૂા. ૫,૫૦૦/– ના પગારથી ફરજ બજાવાતા હતા. અરજદારને મજુર કાયદાઓ મુજબ આપવા જોઈતા કોઈ પણ હકકો જેવાકે હાજરીકાર્ડ, પગાર ચિઠ્ઠી, હકક રજાકાર્ડ, ઓળખકાર્ડ, વિગેરે આપતા નહીં. જયારે સામાવાળાનું કથન એવું છે કે અરજદાર તેઓના કામદાર હતા નહીં અને તે રીતે નોકર માલિકનો કોઈ સંબંધ હતો નહીં. અરજદાર ઉલટતપાસ માં જણાવેલ છે કે તેની પાસે સામાવાળાને ત્યાં નોકરી કરતા હતા તે દર્શાવતા કોઈ આધાર નથી. જો અરજદાર ૫ વર્ષ જેટલા લાંબા સમયથી કોઈ પણ સંસ્થામાં કામ કરતા હોય તો સ્વાભાવિક રીતે જ તે સંસ્થાના માલિક કોણ હતું મેનેજર કોણ હતું, સહકર્મચારીઓ કોણ હતા, તેમના સુપરવાઈઝર કોણ હતું, તે ખબર જ હોય. પરંતુ હાલના અરજદારે તેમના પુરાવામાં કે અરજીમાં કોઈ જગ્યાએ આવી કોઈ હકિકતો જણાવેલી નથી. અરજદાર તરફથી તેઓને પગાર કેવી રીતે ચુકવવામાં આવતો હતો તે અંગે પણ મૌન સેવેલ છે. કોઈ પણ સંસ્થા કામદાર ને પગાર ચુકવે ત્યારે સ્વાભાવિક રીતે જ ચેંક થી અથવા રોકડેથી ચુકવવામાં આવે. જો પગાર રોકડેથી ચુકવવામાં આવતો હોય ત્યારે સ્વાભાવિક રીતે જ વાઉચર ઉપર સહિ લઈ પગાર ચુકવી અથવા તો પગાર પત્રકમાં સહી લે પગાર ચુકવે. તેથી કામદારને ખબર જ હોય કે પગાર કઈ સંસ્થા દ્વારા તેઓને ચુકવવામાં આવતો હતો. અરજદાર આવી હકિકતોને રેકોર્ડ ઉપર લાવવા માટે પ્રયત્નો કરેલા નથી તેમજ કોઈ સહકર્મચારીને પણ તપાસેલા નથી. વધુમાં જો અરજદારને નોકરી અંગેના કોઈ આધાર ન આપવામાં આવે તો સામાન્ય

રીતે આવા સંજોગોમાં સામાવાળા પાસેથી દસ્તાવેજો રજુ કરાવવા અરજી આપી શકે. પરંતુ , માત્ર જ અરજદાર જ જાણે છે તેવા કારણસર અરજદારે આવી અરજી આપેલી નથી. જેથી અરજદારે સામાવાળાને ત્યાં ખરેખર નોકરી કરેલી કે કેમ તે પણ શંકાસ્પદ બને છે. વધુમાં અરજદારની આંક–૧ ની અરજી તથા સરતપાસનું સોગંદનામું જોવામાં આવે તો તે અગાઉથી તૈયાર પ્રર્ફોમાં હોય અને તેમાં ખાલી જગ્યામાં પેનથી અમુક વિગત પુરવામાં આવેલી છે. આ ઉપરથી એવું પણ અનુમાન થઈ શકે કે અરજદારની સ્પષ્ટ હકિકતો વગરનો, ઉપરછેલ્લો પ્લીડીંગ અને પુરાવો છે.

12) આમ ઉપરોકત સંજોગોમાં સમગ્ર કેસની હકિકત, સંજોગો અને પુરાવાનું સિંહગાવલોકન કરતા અરજદાર સામાવાળાના કામદાર હોવાની હકિકત પુરવાર કરી શકેલા નથી. જેથી નોકર–માલિકના સંબંધો હોવાનું પુરવાર થતું નહી હોવાથી અન્ય કોઈ મુદ્દાઓની ચર્ચા કરવી નિરર્થક બની રહે છે. જેથી હાલનો રેફરન્સ રદ કરતો હુકમ નીચે મુજબનો કરવામાં આવે છે.

**: હુકમ :**

અરજદારનો હાલનો રેફરન્સ નામજુર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(ઘનશ્યામ જયંતભાઈ થોરીયા )**
ન્યાયાધિશ (સીનીયર ડીવીઝન)
મજૂર અદાલત, સુરત.
**GJ00842**

તારીખ : ૨૩/ ૦૬/૨૦૨૩
સુરત.